APPENDIX B

ફેકલ્ટી ઓફ એજ્યુકેશન એન્ડ સાયકોલોજી
મ સ. યુનિવર્સિટી
વડોદરા.

# "પ્રશિક્ષણકોલેજના પ્રાધ્યાપકોનું નવવિચાર અને પરિવર્તનક્ષમતા માપન"

( " Innovative Proneness Scale For Teacher-Educators " )

( ફક્ત સંશોધન માટે )

**સામાન્ય માહિતી**

સંસ્થાનું નામ ________________ સ્થળ ________ જિલ્લો ________

પ્રાધ્યાપકનું નામ ________________

**સૂચના :—**

૧. આ પુસ્તિકામાં બધાં મળી ૧૫૦ વિધાનો છે. દરેક વિધાન કાળજીપૂર્વક વાંચો અને માગ્યા પ્રમાણે પ્રત્યુત્તર આપો.

૨. અહીં તમારો નિર્ણય 'યોગ્ય' છે કે 'અયોગ્ય' છે તેની કસોટી કે પરીક્ષા કરવાનો હેતુ નથી.

૩. તમે મોકળા મને નિર્ણય લેશો; તમારો નિર્ણય ગમે તે હોઈ શકે.

૪. તમારો ઉત્તર અવશ્ય ખાનગી રહેશે; તેથી વિના સંકોચે ઉત્તર આપશો.

૫. તમારા સાચા અને પ્રામાણિક નિર્ણય પર જ સંશોધનની સફળતાનો આધાર છે તે ભૂલશો નહિ.

માર્ગદર્શક
**પ્રોફેસર દોલતભાઇ બી. દેસાઇ**
ફેકલ્ટી ઓફ એજ્યુકેશન એન્ડ સાયકોલોજી
વડોદરા.

સંશોધક
**પ્રાધ્યાપક બી. આર. પંચાલ**
ફેકલ્ટી ઓફ એજ્યુકેશન એન્ડ સાયકોલોજી
વડોદરા.

**તમારા સહકાર બદલ આભાર**

# પ્રાધ્યાપકોનું નવવિચાર અને પરિવર્તનક્ષમતા માપન

## ૧. પ્રશ્નાવલિનો હેતુ :

વિશાળ પાયા પર હાથ ધરેલ સંશોધન કાર્ય માટે પસંદ કરેલી સંસ્થાઓમાં કામ કરતા પ્રાધ્યાપકોની વિવિધ શૈક્ષણિક સમસ્યાઓ વિશે અભિપ્રાયો મેળવવાના હેતુસર આ પ્રશ્નોત્તરી તૈયાર કરવામાં આવી છે.

શિક્ષણક્ષેત્રે નવવિચાર પરિવર્તન પ્રત્યે પ્રાધ્યાપકો કેવો રસ ધરાવે છે તે પરથી તેઓ નવવિચાર પરિવર્તન પ્રત્યે કેવું વલણ ધરાવે છે તે જાણવાનો એનો મુખ્ય ઉદ્દેશ છે. પ્રસ્તુત સંશોધનના સંદર્ભમાં નવવિચાર પરિવર્તન (Innovation) એટલે ' શૈક્ષણિક હેતુઓ, શિક્ષણવસ્તુ, શિક્ષણપદ્ધતિ, વિદ્યાર્થીઓનાં જુથનું આયોજન, પ્રાધ્યાપકગણ, સંદર્ભ-ઉપયોગ અથવા સમગ્ર સંસ્થાતંત્રના સંચાલનમાં પાંગરતાં મહત્ત્વનાં પરિવર્તનો ' એ અર્થ ઘટાવવામાં આવ્યો છે.

## ૨. પ્રશ્નાવલિ ભરવા પરત્વે :

શકય હોય તેટલી સંપૂર્ણપણે અને ચોકસાઇપૂર્વક પ્રસ્તુત પ્રશ્નાવલિ ભરી આપવા વિનંતી છે.

**પ્રશ્નાવલિમાં આપના અભિપ્રાયો વ્યકત કરતી વેળાએ નીચેની બાબતો ખાસ ધ્યાનમાં રાખશો.**

(અ) દરેક ઉત્તર માત્ર અભિપ્રાય જ છે. તે સાચો અથવા ખોટો છે એવું માનવાને કારણ નથી.

(બ) દરેક વિધાન પરત્વે તમારો નિખાલસ અભિપ્રાય દર્શાવો. બીજાઓનો આવો મત હશે અથવા એનો ઇચ્છનીય જવાબ આવો હોઈ શકે એવી માન્યતાથી ન દોરાતાં તમારો સ્વતંત્ર અભિપ્રાય જ દર્શાવશો.

(ક) આપેલ વિકલ્પોમાંથી ફકત એક જ વિકલ્પ પસંદ કરી તમે તમારો અભિપ્રાય વ્યકત કરશો. કોઈ વિધાન વિશે તમે તમારો અભિપ્રાય વ્યકત કરવામાં મુશ્કેલી અનુભવો તો પણ તમારો અભિપ્રાય-તમારું મંતવ્ય મહદંશે સહાયભૂત નીવડશે એ બાબત ખાસ ધ્યાનમાં રાખશો.

(ડ) દરેક વિધાન વિશે તમારો અભિપ્રાય આપવા પ્રયત્ન કરશો. દરેક વિધાન સમગ્ર પ્રશ્નાવલિનું એક મહત્ત્વનું અંગ છે.

(ઇ) કોઈ એક વિધાન પર લાંબા સમય સુધી વિચાર ન કરતાં વિધાન વાંચતાંની સાથે જ જે અભિપ્રાય સૌ પ્રથમ તમારા મનમાં સ્ફૂરે તે જ અભિપ્રાય દર્શાવશો.

## ૩. ગુપ્તતા :

તમારા અભિપ્રાયો સંપૂર્ણપણે ખાનગી રહેશે તે બાબતમાં નિશ્ચંત રહેશો. તમારા સાચા અને પ્રામાણિક અભિપ્રાયો પર જ સંશોધનની સફળતાનો આધાર છે તે ભૂલશો નહિ.

## અંગત માહિતી

દરેક પ્રશ્ન માટે સામે આપેલાં ખાનાંઓમાંથી યોગ્ય ખાનામાં '√' નું ચિહ્ન કરશો.

| પ્રશ્ન | | | | | | પ્રશ્ન |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઉંમર | ૩૫ વર્ષ કરતાં ઓછી | ☐ | ૩૫ વર્ષ અથવા તેથી વધારે | ☐ | ૧ |
| ૨ | જાતિ | પુરુષ | ☐ | સ્ત્રી | ☐ | ૨ |
| ૩ | શિક્ષણકાર્યનો અનુભવ (સંપૂર્ણ વર્ષોમાં) | ૫ વર્ષથી ઓછો | ☐ | ૫ વર્ષ અથવા તેથી વધારે | ☐ | ૩ |
| ૪ | અન્ય શૈક્ષણિક લાયકાતો | એસ એમ. સી છે.<br>બી એ. છે<br>બી. કોમ. છે.<br>બી એસ સી. છે<br>એમ એ. છે<br>એમ. કોમ છે.<br>એમ. એસ સી છે<br>પરદેશમાં અભ્યાસ કર્યો છે | ☐<br>☐<br>☐<br>☐<br>☐<br>☐<br>☐<br>☐ | | ☐ | ૪ |
| ૫ | ધંધાકીય તાલીમ | લીધી છે.<br>ટી ડી. અથવા<br>ડી. પી. એડ. છે.<br>બી. ટી. અથવા<br>બી એડ્ છે<br>એમ. એડ્ છે<br>પી. એચ. ડી. છે | ☐<br>☐<br>☐<br>☐<br>☐<br>☐<br>☐ | | | ૫ |
| ૬ | બીજી કોઈ સસ્થામા ઓછામાં ઓછું એક વર્ષ શિક્ષણકાર્ય કર્યું છે ? | હા | ☐ | ના | ☐ | ૬ |
| ૭ | આ સંસ્થા સિવાય અન્ય કોઈ શિક્ષણ સંસ્થામાં શિક્ષણકાર્ય કર્યું છે ? | હા | ☐ | ના | ☐ | ૭ |
| ૮ | છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન તાલીમી કોલેજની સેવા વિસ્તરણ, કેઈસ, એન. સી. ઈ. આર. ટી. જેવી સંસ્થાઓએ આયોજેલા સેમિનાર વર્કશોપ કે ઓપવર્ગોમાં હાજરી આપી છે ? | કેટલાંક | ☐ | બિલકુલ નહિ | ☐ | ૮ |
| ૯ | છેલ્લાં ત્રણ વર્ષમાં શિક્ષણક્ષેત્રે થયેલાં સંશોધન અંગેનાં પ્રકાશનો વાંચ્યાં છે ? | કેટલાંક | ☐ | બિલકુલ નહિ | ☐ | ૯ |
| ૧૦ | સમગ્ર રીતે વિચારતાં શિક્ષણના વ્યવસાયથી તમે કેટલે અંશે સંતુષ્ટ છો ? | ખૂબ જ સંતોષ છે. | ☐ | જરાય સંતોષ નથી. | ☐ | ૧૦ |

# વિભાગ-૧ શિક્ષણક્ષેત્રે કેટલાંક વિવાદાસ્પદ નવવિચાર પરિવર્તનો

પ્રસ્તુત વિભાગમાં શિક્ષણક્ષેત્રે કેટલાંક ચર્ચાસ્પદ બનેલાં નવવિચાર પરિવર્તનો વ્યક્ત કરવામાં આવ્યાં છે. તેમાંથી કેટલાંક તમને થોડેઘણે અંશે ઇચ્છનીય અને અનિચ્છનીય લાગશે. એમાં કોઈ પણ જવાબ સાચો કે ખોટો નથી. નોંધેલાં પરિવર્તનો એક પછી એક તપાસો. ધારો કે તમારી સંસ્થામાં પરિપર્તન દાખલ કરવામાં આવ્યું છે અને તે પરિવર્તનની તમારા પર મહત્ત્વની અસર થવાની છે. તમારી સંસ્થામાં એ પરિવર્તન થઈ ગયેલું હોય તો પણ તેનો એ જ રીતે જવાબ આપજો. દરેક પરિવર્તનથી થતા ફેરફારો તમે કેટલે અંશે ઇચ્છનીય કે અનિચ્છનીય લેખો છો તેનો નિર્દેશ કરો. તમારો જવાબ 'સાચો' છે કે 'ખોટો' છે એવું માનશો નહિ. દરેક પરિવર્તન સામે નીચે પ્રમાણેના વિકલ્પો આપ્યા છે. તેમાંથી ગમે તે કોઈ એક પ્રકારના વિકલ્પની આજુબાજુ વર્તુળ કરી તમારે તમારો અભિપ્રાય દર્શાવવાનો છે. ખાસ ધ્યાનમાં રાખો કે તમારે તમારો અંગત અને નિખાલસ અભિપ્રાય આપવાનો છે.

હવે તમે જો............

SA=નવવિચાર પરિવર્તન સાથે સંપૂર્ણ સંમત થતા હો તો તેની સામે આપેલા વિકલ્પોમાંથી SAની આજુબાજુ વર્તુળ કરો.

A=નવવિચારપરિવર્તન સાથે તમે સામાન્ય રીતે સંમત થતા હો તો તેની સામે આપેલા વિકલ્પોમાંથી Aની આસપાસ વર્તુળ કરો.

TA=નવવિચારપરિવર્તન સાથે તમે સંમત થવાનું ફક્ત વલણ જ ધરાવતા હો તો TAની આસપાસ વર્તુળ કરો.

TD=નવવિચારપરિવર્તન સાથે તમે સંમત નહિ થવાનું ફક્ત વલણ જ ધરાવતા હો તો TDની આસપાસ વર્તુળ કરો.

D=નવવિચારપરિવર્તન સાથે તમે સામાન્યરીતે સંમત ન થતા હો તો Dની આસપાસ વર્તુળ કરો.

SD=નવવિચારપરિવર્તન સાથે તમે સંપૂર્ણ રીતે અસંમત થતા હો તો SDની આસપાસ વર્તુળ કરો.

| Item No. | સૂચિત નવવિચાર | ગમે તે એક વિકલ્પની આસપાસ વર્તુળ કરો. | Item No. | 7 8 |
|---|---|---|---|---|
| ૧ | તમારી કૉલેજમાં શીખવાતા વિવિધ વિષયોનો એકબીજા સાથે અનુબંધ બાંધી શિક્ષણકાર્ય કરવાનો પ્રયોગ હાથ ધરવાનો છે અને તેમાં તમારો અને તમારા વિષયનો પણ સમાવેશ કગવાનો છે. | SA A TA TD D SD | ૧ | |
| ૨ | જૂથ શિક્ષણકાર્યનો પ્રયોગ કરવાનો છે અને આ પ્રયોગ કાર્યમાં તમે પણ સામેલ થવાના છો. | SA A TA TD D SD | ૨ | |
| ૩ | વિવિધ ભાષા–પદ્ધતિઓને તમારે 'માતૃભાષાનું શિક્ષણ' એ અભિગમથી અન્ય પ્રાધ્યાપકો સાથે તમારે વિવિધભાષા પદ્ધતિવાળા વિદ્યાર્થીઓને એક સાથે ભણાવવાનું છે. | SA A TA TD D SD | ૩ | |
| ૪ | અંગત, શૈક્ષણિક, સામાજિક તેમ જ સાંસ્કૃતિક રીતે પાછળ રહી ગયેલા વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવાનું છે. | SA A TA TD D SD | ૪ | |
| ૫ | વિષયવસ્તુનું ઘનિષ્ટ જ્ઞાન આપવા બીજી વિદ્યાશાખાના પ્રાધ્યાપકોની મદદ લેવાની છે. | SA A TA TD D SD | ૫ | |
| ૬ | આર્થિક મૂંઝવણો અનુભવતા વિદ્યાર્થીઓ માટે ખાસ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવાનું છે | SA A TA TD D SD | ૬ | |

| Item No. | સૂચિત નવવિચાર | ગમે તે એક વિકલ્પના આસપાસ વર્તુળ કરો. | Item No |
|---|---|---|---|
| ૭ | સમયપત્રકમાં 'પ્રેકટીસ ટીચીંગ સેમિનાર' સામેલ કરવાનો છે અને તમારે અન્ય પ્રાધ્યાપકો સાથે સેમિનારની કાર્યવાહી સંભાળવાની છે. | SA A TA TD D SD | ૭ |
| ૮ | તમારે તમારો વિષય અભિક્રમિત અધ્યયન (Programme-Learning) દ્વારા શીખવવાનો છે. | SA A TA TD D SD | ૮ |
| ૯ | તમે જે પદ્ધતિથી શીખવો છો તેના વિષયવસ્તુના અભ્યાસક્રમને એકમોમાં વહેંચી નાખી વિદ્યાર્થીઓનાં જૂથ પાડી દરેક જૂથ પાસે એક એક એકમની શૈક્ષણિક સામગ્રી (Instructional material) તૈયાર કરવાની છે. | SA A TA TD D SD | ૯ |
| ૧૦ | તમે જે વિષય શીખવો છો તે તમારે તમારા વિદ્યાર્થીઓને જૂથમાં વહેંચી નાખી સેમિનાર પદ્ધતિથી શીખવવાનો છે. | SA A TA TD D SD | ૧૦ |
| ૧૧ | બધા જ પ્રાધ્યાપકો પ્રશિક્ષણ કાર્યક્રમનો લાભ લે તે માટે તેમને પ્રોત્સાહિત કરવાનો કાર્યક્રમ તમારી સંસ્થામાં હાથ ધરવાનો છે. | SA A TA TD D SD | ૧૧ |
| ૧૨ | તમારી સંસ્થામાં ટેલિવિઝન અને શૈક્ષણિક ફિલ્મનો બહોળો ઉપયોગ કરવાનો છે. | SA A TA TD D SD | ૧૨ |
| ૧૩ | વિશિષ્ટ શકિતઓ ધરાવતા વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ પ્રકારનો કાર્યક્રમ હાથ ધરવાનો છે. | SA A TA TD D SD | ૧૩ |
| ૧૪ | પ્રાધ્યાપકો એક બીજાના સહકારથી શિક્ષણકાર્ય કરવાના છે. | SA A TA TD D SD | ૧૪ |
| ૧૫ | તમારી સસ્થામાં 'સત્રાંત પદ્ધતિ' (Semester System) અને સંપૂર્ણ 'આંતરિક મૂલ્યાંકન' દાખલ કરવાનાં છે. | SA A TA TD D SD | ૧૫ |
| ૧૬ | સમસ્યા ઉકેલ/અન્વેષણ અભિગમ દ્વારા તમારા વિષયો શીખવવાનો પ્રયોગ હાથ ધરવાનો છે. | SA A TA TD D SD | ૧૬ |
| ૧૭ | પ્રાધ્યાપકો પારસ્પરિક સહકારના ધોરણે પોતાના શિક્ષણકાર્યનું સ્વમૂલ્યાંકન કરવાના છે. | SA A TA TD D SD | ૧૭ |
| ૧૮ | વિદ્યાર્થીઓને તેમની વિશિષ્ટ સિદ્ધિઓ પ્રસંગે સસ્થા તરફથી બિરદાવવાની પ્રણાલિકા પાડવાની છે. | SA A TA TD D SD | ૧૮ |
| ૧૯ | પ્રાધ્યાપક-વિદ્યાર્થીઓ વચ્ચેની ઔપચારિકતાને સ્થાને અનૌપચારિક મૈત્રીભર્યા સંબંધો વિકસાવવાનો કાર્યક્રમ હાથ ધરવાનો છે. | SA A TA TD D SD | ૧૯ |
| ૨૦ | સંસ્થાના રોજબરોજના કાર્યક્રમ સાથે સમાજને પણ સાંકળી લેવાનો કાર્યક્રમ હાથ ધરવાનો છે. | SA A TA TD D SD | ૨૦ |

| Item No. | સૂચિત નવવિચાર | ગમે તે એક વિકલ્પની આસપાસ વર્તુળ કરો. | Item No. | 7 8 |
|---|---|---|---|---|
| ૨૧ | સંસ્થાના શૈક્ષણિક દષ્ટિએ પછાત વિદ્યાર્થીઓ અને ઓછી શક્તિ ધરાવતા વિદ્યાર્થીઓ માટે સુધારલક્ષી કાર્યક્રમ હાથ ધરવાનો છે. | SA A TA TD D SD | ૨૧ | |
| ૨૨ | દશ્ય-શ્રાવ્ય સાધનોનો રોજબરોજના વર્ગશિક્ષણ કાર્યમાં ઉપયોગ કરવાનો છે. | SA A TA TD D SD | ૨૨ | |
| ૨૩ | વિદ્યાર્થીઓનાં રુચિ-રસને ધ્યાનમાં રાખીને તમારા વિષયના અભ્યાસક્રમનું પુનઃ આયોજન કરવાનું છે. | SA A TA TD D SD | ૨૩ | |
| ૨૪ | તમારે તમારા વિષયનું શિક્ષણ ફક્ત ચાર દિવાલો વચ્ચે ન આપતાં સંસ્થા બહાર સમાજમાં રહેલા સંદર્ભો અને સાધનોનો ઉપયોગ કરીને આપવાનું છે. | SA A TA TD D SD | ૨૪ | |
| ૨૫ | સંસ્થામાં શીખવાતા વિવિધ અભ્યાસક્રમોનું તેની યોગ્યતા–અયોગ્યતા અને અસરકારકતાની દષ્ટિએ સંસ્થાના પ્રાધ્યાપકો જાતે જ મૂલ્યાંકન કરી પુનઃ નિર્માણ કરવાના છે. | SA A TA TD D SD | ૨૫ | |
| ૨૬ | પ્રાધ્યાપક અને વિદ્યાર્થીઓ વચ્ચે જેમ બને તેમ વધારે સુમેળ સાધી અભ્યાસક્રમની પુનઃ રચના કરવાની છે. | SA A TA TD D SD | ૨૬ | |
| ૨૭ | એન. સી. ઈ. આર. ટી. જેવી સંસ્થાઓએ વિવિધ વિષયો માટે તૈયાર કરેલ વિવિધ પ્રકારની શિક્ષણ સામગ્રીનો ઉપયોગ કરવાનો છે. | SA A TA TD D SD | ૨૭ | |
| ૨૮ | વિદ્યાર્થીઓ પ્રત્યે વ્યક્તિગત ધ્યાન આપી દરેક વિદ્યાર્થીને તેની શક્તિ અને રુચિ પ્રમાણે શીખવવાનું છે. | SA A TA TD D SD | ૨૮ | |
| ૨૯ | તમે જે વિષય શીખવો છો તે વિષયમાં વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ વિકાસાવવાનો કાર્યક્રમ હાથ ધરવાનો છે. | SA A TA TD D SD | ૨૯ | |
| ૩૦ | ઉચ્ચતર માધ્યામિક શાળાઓના સંદર્ભમાં તમારે તમારી પદ્ધતિના વિષયના અભ્યાસક્રમની પુનઃ રચના કરવાની છે અને તેમાં તમારે જોડાવાનું છે. | SA A TA TD D SD | ૩૦ | |

## વિભાગ-૨ શિક્ષણક્ષેત્રે પરિવર્તનની પ્રક્રિયા

કોઈ પ્રાધ્યાપક એક યા બીજા કારણે નવવિચારનો સ્વીકાર કરે અને કોઈ તેનો અસ્વીકાર પણ કરે. આ સ્વીકાર અને અસ્વીકાર પાછળ અનેક બળો કામ કરતાં હોય છે. આ પરિબળોમાં નવવિચાર (પરિવર્તન)નાં લક્ષણો અથવા તો તેનો સ્વીકાર કરવાના અને તેને સંસ્થાગત કરવાના સંજોગોનો પણ સમાવેશ થઈ શકે અર્થાત્ નવવિચારનું સ્વરૂપ અને સંસ્થાના સંજોગો તેના સ્વીકાર અને અસ્વીકાર માટે કારણભૂત થઈ શકે.

હવે ધારો કે તમે જે વિષય શીખવો છો તેના સમગ્ર અભ્યાસક્રમ (curriculum)ને લગતું નવવિચારપરિવર્તન સંસ્થામાં હાથ ધરવાનું છે અને જો તે તમારી સંસ્થામાં દાખલ થાય તો તમારે એમાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવવાનો છે. હવે નીચે આપેલા વિધાનો સ્વતંત્ર રીતે બરાબર તપાસો અને દરેક વિધાનના પ્રત્યુત્તરના સ્વરૂપમાં તમે નવવિચારનો કેટલે અંશે સ્વીકાર અગર અસ્વીકાર કરો તે વિશે તમારું મંતવ્ય જણાવો.

ધ્યાન રાખજો કે, તમારે આ વિભાગમાં ઉપર દર્શાવેલ એક જ નવવિચારપરિવર્તનનાં સારાંનરસાં પાસાંઓનું તમારી દૃષ્ટિએ મૂલ્યાંકન કરવાનું છે.

**તમારે તમારો અભિપ્રાય નીચે દર્શાવેલ સ્વરૂપમાં આપવાનો છે.**

A= જો તમે તે નવવિચારનો સ્વીકાર કરી સંસ્થામાં તેને અમલી બનાવવામાં આગળ પડતો ભાગ ભજવી અન્ય પ્રાધ્યાપકોને સામેલ કરવા માટે પ્રયત્ન કરવા ઈચ્છો તો વિધાન સામે આપેલા વિકલ્પોમાંથી Aની આસપાસ વર્તુળ કરો

B= જો તમે નવવિચારને અપનાવી તેનો અમલ કરવા માટે તમોને કરવામાં આવતી વિનંતીને માન આપી તમે તે નવવિચારને સ્વીકારી તેનો અમલ કરવાની તૈયારી બતાવતા હો તો Bની આસપાસ વર્તુળ કરો.

C= જો તમોને નવવિચારને અમલમાં મૂકવા માટે ખાસ વિનંતી કરવામાં આવે તો જ તમે તે પ્રમાણે કરવાની તૈયારી બતાવવા માગતા હો તો Cની આસપાસ વર્તુળ કરો.

D= જો તમે પરંપરિત પદ્ધતિથી જ કાર્ય કરવાનું ચાલુ રાખવા માગતા હો તો Dની આસપાસ વર્તુળ કરો.

E= જો તમે નવવિચારના અમલ પ્રત્યે વિરોધાત્મક વલણ દાખવવા માગતા હો તો Eની આસપાસ વર્તુળ કરો.

F= જો તમે નવવિચારના અમલ પ્રત્યે ચોક્કસ રીતે વિરોધ જ દર્શાવવા માગતા હો તો Fની આસપાસ વર્તુળ કરો.

| Item No. | વિધાનો | યોગ્ય વિકલ્પ પસંદ કરી તેની આસપાસ વર્તુળ કરો | | | | | | Item No. | 48 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | તે નવવિચારથી મારી હાલની શિક્ષણપદ્ધતિઓમાં મહદંશે ફેરફાર કરવા પડે. | A | B | C | D | E | F | ૧ | |
| ૨ | તે સંસ્થાની પ્રતિષ્ઠા વધારે. | A | B | C | D | E | F | ૨ | |
| ૩ | તે નવવિચારના અમલીકરણમાટે નોકરી કરતાં કરતાં વિશિષ્ટ પ્રકારની તાલીમ લેવી પડે | A | B | C | D | E | F | ૩ | |
| ૪ | તે નવવિચાર પર કામ કરવાથી મને સાચો, શુદ્ધ, વ્યાવસાયિક સંતોષ મળે. | A | B | C | D | E | F | ૪ | |
| ૫ | મને નવવિચારનો અમલ કરવા પાછળ દૃષ્ટિબિંદુ અને તેનાં શક્ય પરિણામોની સમજ આપવામાં ન આવે | A | B | C | D | E | F | ૫ | |
| ૬ | નવવિચાર અત્યારની (ચાલુ) કાર્યપદ્ધતિઓ કરતાં ચઢિયાતો છે એમ નિર્ણયાત્મક રીતે સિદ્ધ ન થાય. | A | B | C | D | E | F | ૬ | |

| Item No. | વિધાનો | યોગ્ય વિકલ્પ પસંદ કરી તેની આસપાસ વર્તુળ કરો | | | | | | Item No. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | નવવિચાર મારા સહકાર્યકરોનાં મૂલ્યો અને વિચારસરણીઓ સાથે અસંગત હોય. | A | B | C | D | E | F | ૭ |
| ૮ | નવવિચાર અપનાવી તેનું અમલીકરણ કરવામાં હું નિષ્ફળ જાઉં તો મારી કારકિર્દી ભયમાં મૂકાશે એવું મને લાગે. | A | B | C | D | E | F | ૮ |
| ૯ | શિક્ષણપ્રથા જ એવી હોય કે જે પ્રયોગાત્મક પરિવર્તનાત્મક પદ્ધતિઓને ઉત્તેજન જ ન આપે. | A | B | C | D | E | F | ૯ |
| ૧૦ | નવવિચારનો સ્વીકાર કરતાં મારે વ્યાવસાયિક મૂલ્યો અને માન્યતાઓમાં થોડા ફેરફારો કરવા પડે. | A | B | C | D | E | F | ૧૦ |
| ૧૧ | નવવિચાર વિદ્યાર્થીઓના ભણતરની ગુણવત્તા સુધારે. | A | B | C | D | E | F | ૧૧ |
| ૧૨ | નવવિચાર, વિષયપરત્વેનું સંશોધન કાર્ય અને વિષયને લગતું સાહિત્ય વાંચવાની આવશ્યકતા ઊભી કરવી પડે. | A | B | C | D | E | F | ૧૨ |
| ૧૩ | જો તે નવવિચાર, જે ક્ષેત્રમાં મને વિશિષ્ટ વ્યાવસાયિક રસ છે, તે ક્ષેત્રમાં અમલી બનાવવાનો હોય. | A | B | C | D | E | F | ૧૩ |
| ૧૪ | નવવિચારના અમલીકરણમાં મારી ભૂમિકા અને જવાબદારીઓની મને સ્પષ્ટપણે સમજ આપવામાં ન આવે. | A | B | C | D | E | F | ૧૪ |
| ૧૫ | તે નવવિચારનો બીજી કોઈ સંસ્થામાં અમલ થતો જોવાની મને તક આપવામાં ન આવે. | A | B | C | D | E | F | ૧૫ |
| ૧૬ | મારા સહકાર્યકરોના વિરોધ અને પ્રતિકારના ભયે હું મારા નવીન વિચારોની મુકતપણે ચર્ચા ન કરી શકું એવી પરિસ્થિતિ હોય | A | B | C | D | E | F | ૧૬ |
| ૧૭ | સંસ્થાનાં વર્તનધોરણો અને મૂલ્યો નવવિચારને આવકાર આપતાં ન હોય એમ લાગે. | A | B | C | D | E | F | ૧૭ |
| ૧૮ | સંસ્થાની આસપાસ વસતો જનસમુદાય તે નવવિચારને આવકાર આપતો ન હોય | A | B | C | D | E | F | ૧૮ |
| ૧૯ | વિવિધ શકિત ધરાવતા (વિવિધ વિદ્યાશાખાના) વિદ્યાર્થીઓને એક સાથે એક જ વર્ગમાં બેસાડી ભણાવવાના હોય. | A | B | C | D | E | F | ૧૯ |
| ૨૦ | મને લાગે કે તે નવવિચાર અપનાવવાથી સંસ્થાનાં લક્ષ્યાંકો સિદ્ધ થઈ શકે છે. | A | B | C | D | E | F | ૨૦ |
| ૨૧ | તે નવવિચારને અમલમાં મૂકવા માટે રોજના શિક્ષણ કાર્યમાં ખૂબ જ તૈયારી કરવી પડે. | A | B | C | D | E | F | ૨૧ |

| Item No. | વિધાનો | યોગ્ય વિકલ્પ પસંદ કરી તેની આસપાસ વર્તુળ કરો | | | | | | Item No. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | તે નવવિચાર મને થોડું ઉત્તમ કક્ષાનું સંશોધન કાર્ય હાથ ધરવાની તક પૂરી પાડે | A | B | C | D | E | F | ૨૨ |
| ૨૩ | નવવિચારના અમલીકરણથી ઉપસ્થિત થતા પ્રશ્નોની ચર્ચા–વિચારણા કરવાની જોગવાઇ જ ન હોય. | A | B | C | D | E | F | ૨૩ |
| ૨૪ | નવવિચાર નિષ્ફળ જશે એવો ભય સેવાતો હોય | A | B | C | D | E | F | ૨૪ |
| ૨૫ | તે નવવિચાર મારા સહકાર્યકરોએ પસંદ કરેલી અગ્રીમતાઓ અને વલણ સાથે ઘર્ષણમાં આવતો હોય. | A | B | C | D | E | F | ૨૫ |
| ૨૬ | પ્રાધ્યાપકોમાં રહેલા પ્રાયોગિક અને સર્જનાત્મક કૌશલને સંસ્થામાંથી સક્રિય રીતે પ્રોત્સાહન જ મળતું ન હોય. | A | B | C | D | E | F | ૨૬ |
| ૨૭ | જો સંસ્થાનું વહીવટીતંત્ર જ નવવિચારનો સામનો કરતું હોય. | A | B | C | D | E | F | ૨૭ |
| ૨૮ | તે નવવિચાર વર્ગમાં ઘણે અંશે મુકત શિસ્તની હિમાયત કરતા હોય. | A | B | C | D | E | F | ૨૮ |
| ૨૯ | મને લાગે કે તે નવવિચાર મારા વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધારવામાં મદદરૂપ થઈ પડશે. | A | B | C | D | E | F | ૨૯ |
| ૩૦ | મારા શિક્ષણકાર્યના સમગ્ર દષ્ટિબિંદુનું નવેસરથી મૂલ્યાંકન કરવું પડે. | A | B | C | D | E | F | ૩૦ |
| ૩૧ | વિચાર ખરેખર મૌલિક અને સર્જનાત્મક હોય. | A | B | C | D | E | F | ૩૧ |
| ૩૨ | નવવિચારના અમલ માટે જરૂરી સાધનસામગ્રી પૂરી પાડવાની ખાત્રી ન મળે. | A | B | C | D | E | F | ૩૨ |
| ૩૩ | નવવિચારને અમલમાં મૂકવાથી આવતાં પરિણામોની ખાસ માહિતી આપવામાં આવી ન હોય. | A | B | C | D | E | F | ૩૩ |
| ૩૪ | મને એમ લાગે કે મારા સહકાર્યકરો શિક્ષણક્ષેત્રે નવવિચારનો હંમેશાં પ્રતિકાર જ કરતા આવ્યા છે. | A | B | C | D | E | F | ૩૪ |
| ૩૫ | નવવિચારોને અમલમાં મૂકતાં મારાથી થતી કોઈપણ ભૂલો મારા વ્યાવસાયિક વિકાસની પ્રક્રિયાના ભાગરૂપે સ્વીકારવામાં આવશે નહીં એવી મને ખાત્રી મળે. | A | B | C | D | E | F | ૩૫ |
| ૩૬ | નવવિચારો પાંગરવાની શકિતને જાહેરમાં અલ્પ માન્યતા આપવામાં આવે. | A | B | C | D | E | F | ૩૬ |
| ૩૭ | તે નવવિચારનો અમલ કરવામાં મારા બીજા પ્રાધ્યાપક સાથીઓ સાથે શિક્ષણકાર્ય તથા અન્ય પ્રકારના કાર્યનું આયોજન કરવું પડે. | A | B | C | D | E | F | ૩૭ |

| Item No. | વિધાનો | યોગ્ય વિકલ્પ પસંદ કરી તેની આસપાસ વર્તુળ કરો | | | | | | Item No. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૮ | તે નવવિચાર સમાજની દષ્ટિએ સંસ્થાની ઉજ્જવળ પ્રતિમા ઊભી કરે. | A | B | C | D | E | F | ૩૮ |
| ૩૯ | તે નવવિચારનો અમલ કરવામાં દશ્યશ્રાવ્ય સાધનોનો બહોળા પાયા પર ઉપયોગ કરવો પડે. | A | B | C | D | E | F | ૩૯ |
| ૪૦ | નવવિચાર, વિષયના પ્રાપ્ય જ્ઞાન સાથે સૈદ્ધાંતિક સંબંધ ધરાવતો હોય. | A | B | C | D | E | F | ૪૦ |
| ૪૧ | નવવિચારનો અમલ કરવાને પરિણામે તમારે જે ભૂમિકા અને જવાબદારી અદા કરવાની છે તે અંગેની જરૂરિયાતો પૂરી પાડવામાં આવતી ન હોય. | A | B | C | D | E | F | ૪૧ |
| ૪૨ | અન્ય સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો તરફથી તે નવવિચારને જોઈએ તેવો આવકાર ન મળતો હોય. | A | B | C | D | E | F | ૪૨ |
| ૪૩ | મારા સહકાર્યકરોને નવવિચારનાં મૂલ્યની ખાત્રી કરાવવામાં મને મુશ્કેલી પડતી હોય. | A | B | C | D | E | F | ૪૩ |
| ૪૪ | શિક્ષણનું માળખું કે પ્રથા જ એવાં હોય જે પ્રાધ્યાપકોને આગેવાની લેવામાં અને સર્જનાત્મક શકિત વિકસાવવામાં પ્રોત્સાહન ન આપે. | A | B | C | D | E | F | ૪૪ |
| ૪૫ | મને ખાત્રી થાય કે સંસ્થામાં હું જે કાર્ય કરી રહ્યો છું તે ઉપયોગી અને મહત્ત્વનું ગણાય છે. | A | B | C | D | E | F | ૪૫ |
| ૪૬ | સંસ્થાના અભ્યાક્રમના પ્રચલિત વિષયોનું સૂચક સંકલન થઈ શકે. | A | B | C | D | E | F | ૪૬ |
| ૪૭ | સંસ્થાના સંચાલનની દષ્ટિએ તે વિચાર સરળ અને સુગમ હોય. | A | B | C | D | E | F | ૪૭ |
| ૪૮ | મારા સહકાર્યકરો પ્રચલિત શિક્ષણ કાર્યની તરફેણ કરતાહોય. | A | B | C | D | E | F | ૪૮ |
| ૪૯ | મને લાગે કે તે નવવિચાર મારા વ્યાવસાયિક વિકાસમાં સારો ફાળો આપશે. | A | B | C | D | E | F | ૪૯ |
| ૫૦ | પરિવર્તનના જરૂરની સ્પષ્ટ સમજ જ મને આપવામાં આવી ન હોય. | A | B | C | D | E | F | ૫૦ |
| ૫૧ | નવવિચારનો અમલ કરવા માટે મારે અદા કરવાની ભૂમિકા વિશે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં મને સામેલ કરવામાં ન આવે. | A | B | C | D | E | F | ૫૧ |
| ૫૨ | નવવિચાર સ્વીકારવામાં મારે અને મારા સહકાર્યકરો વચ્ચે અંતર પડે. | A | B | C | D | E | F | ૫૨ |
| ૫૩ | નવવિચારને અપનાવી સંસ્થાની પ્રગતિ માટે હું મહત્ત્વનો ફાળો આપી શકીશ એવું મને લાગે. | A | B | C | D | E | F | ૫૩ |

| Item No. | વિધાનો | યોગ્ય વિકલ્પ પસંદ કરી તેની આસપાસ વર્તુળ કરો. | | | | | | Item No. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫૪ | મને લાગે કે નવવિચાર અપનાવવાથી મારા સહકાર્યકરોના મન પર પ્રત્યાઘાતો પડશે. | A | B | C | D | E | F | ૫૪ |
| ૫૫ | મારાં વ્યાવસાયિક કૌશલ અને માનસિક શક્તિનો અસરકારક ઉપયોગ કરવામાં નવવિચાર અગત્યનો ભાગ ભજવશે. | A | B | C | D | E | F | ૫૫ |
| ૫૬ | પ્રાધ્યાપકગણને સામાન્ય રીતે નવા પડકારો અને નવી વિચારસરણીઓ ઝીલવાની શક્તિ વિકસાવવામાં કોઈ મદદ કરવામાં ન આવે. | A | B | C | D | E | F | ૫૬ |
| ૫૭ | પરિવર્તન અંગે વિચાર વિનિમય કરવાની અપૂરતી જોગવાઈ કરવામાં આવે. | A | B | C | D | E | F | ૫૭ |
| ૫૮ | નવવિચાર અપનાવતાં અપનાવતાં મારી પ્રગતિનું પણ મૂલ્યાંકન થઈ શકે. | A | B | C | D | E | F | ૫૮ |
| ૫૯ | વ્યાવસાયિક દૃષ્ટિએ નવવિચારથી મારા સમયનો સદુપયોગ થઈ શકે એવું મને લાગે. | A | B | C | D | E | F | ૫૯ |
| ૬૦ | નવાવિચારો અપનાવવામાં અને પ્રસારવામાં શિક્ષણપદ્ધતિ નક્કર રીતે મદદ ન કરતી હોય. | A | B | C | D | E | F | ૬૦ |

# વિભાગ-૩ શિક્ષણમાં મૂલ્યો અને અભિપ્રાયો

નીચે દર્શાવેલાં વિધાનો શિક્ષણક્ષેત્રે ઉપસ્થિત થયેલી કેટલીક સમસ્યાઓ વિશે વિવાદાસ્પદ અભિપ્રાયો દર્શાવે છે. તેમાનું કોઈ સ્પષ્ટપણે સાચું કે ખોટું નથી. દરેક વિધાન સામે વિકલ્પો આપેલા છે. વિધાન સાથે તમે જેટલે અંશે સંમત થતા હો તે દર્શાવતા વિકલ્પની આસપાસ વર્તુળ દોરો. તમારો પ્રામાણિક અભિપ્રાય દર્શાવવાનો છે.

### તમારો અભિપ્રાય તમે નીચે પ્રમાણે દર્શાવી શકશો.

SA=તમે વિધાન સાથે ચોક્કસપણે સંમત હો તો SAની આસપાસ વર્તુળ કરજો.

A=તમે વિધાન સાથે સામાન્ય રીતે સંમત થતા હો તો Aની આસપાસ વર્તુળ કરજો.

TA=તમે વિધાન સાથે સામાન્ય રીતે સંમત થવાનું વલણ ધરાવતા હો તો TAની આસપાસ વર્તુળ કરજો.

TD=તમે વિધાન સાથે સામાન્ય રીતે અસંમત થવાનું વલણ ધરાવતા હો તો TDની આસપાસ વર્તુળ કરજો

D=તમે વિધાન સાથે સામાન્ય રીતે અસંમત થતા હો તો Dની આસપાસ વર્તુળ કરજો.

SD=તમે વિધાન સાથે ચોક્કસપણે અસંમત થાઓ તો SDની આસપાસ વર્તુળ કરજો.

| Item No. | વિધાનો | ગમે તે એક વિકલ્પ પસંદ કરી તેની આસપાસ વર્તુળ કરો. | Item No. | FS |
|---|---|---|---|---|
| ૧ | હાલની તાલિમી કોલેજોમાં પ્રેક્ટીસ-ટીચીંગની અવગણના થઈ રહી છે. | SA A TA TD D SD | ૧ | |
| ૨ | શિક્ષણક્ષેત્રે પરિવર્તનની પ્રક્રિયા વિશે સમજ કેળવવી ખૂબ જ મહત્ત્વની બાબત છે. | SA A TA TD D SD | ૨ | |
| ૩ | વિદ્યાર્થીઓની જરૂરિયાતો અને રુચિ શિક્ષણનાં લક્ષ્યાંકો નિશ્ચિત કરવાનાં નિર્ણાયકબળો હોવાં જોઈએ. | SA A TA TD D SD | ૩ | |
| ૪ | નવવિચારો કેટલીક પરંપરિત પણ સારી શિક્ષણપદ્ધતિઓ તરફ નકારાત્મક વલણ બતાવે છે | SA A TA TD D SD | ૪ | |
| ૫ | સુસ્થાપિત શિક્ષણપદ્ધતિઓનું વખતોવખત મૂલ્યાંકન થતું રહેવું જોઈએ | SA A TA TD D SD | ૫ | |
| ૬ | પૃથ્વી પર સઘળું પરિવર્તનશીલ છે | SA A TA TD D SD | ૬ | |
| ૭ | પ્રાધ્યાપક-વિદ્યાર્થી વચ્ચેના સંબંધો એવા પ્રકારના સંબંધો છે જેમાં વિદ્યાર્થીને નિદર્શન, માર્ગદર્શન અને નિયંત્રણની જરૂર છે, અને શિક્ષક વિદ્યાર્થીની આ જરૂરિયાતો પૂરી પાડનાર વિદ્વાન વ્યક્તિ છે | SA A TA TD D SD | ૭ | |
| ૮ | પ્રાધ્યાપકોએ આજકાલ શિક્ષણક્ષેત્રે નવવિચારપરિવર્તન પ્રત્યે મુક્તપણે આશાવાદ સેવવો જોઈએ. | SA A TA TD D SD | ૮ | |
| ૯ | વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ કરતાં કોઈપણ વિષય વધારે મહત્ત્વનો નથી. | SA A TA TD D SD | ૯ | |
| ૧૦ | શિક્ષણક્ષેત્રે જે હજી વધારે સારી બાબનો તર્કથી સાબિત થવાની છે તેના કરતાં જે બાબતો સારી છે એમ સાબિત થઈ ચૂકયું છે તે બાબતોનો સ્વીકાર કરી આપણે આગળ ચાલવું જોઈએ. | SA A TA TD D SD | ૧૦ | |

| Item No. | વિધાનો | ગમે તે એક વિકલ્પ પસંદ કરી તેની આસપાસ વર્તુળ કરો. | Item No. F8 |
|---|---|---|---|
| ૧૧ | કોઈ પ્રાધ્યાપકના શિક્ષણકાર્યમાં નવા વિચારો દાખલ કરી વ્યાવસાયિક સાહસ ખેડવું સલાહ ભરેલું નથી. | SA A TA TD D SD | ૧૧ |
| ૧૨ | જે જૂથ, સભ્યોના વધુ પડતાં મતમતાંતરો સાંખી લે છે, તે વધુ સમય ટકતું નથી | SA A TA TD D SD | ૧૨ |
| ૧૩ | 'પ્રેક્ટીસટીચીંગ' કોઈપણ તાલિમી કોલેજની કરોડરજ્જુ છે અને કોલેજની પ્રવૃત્તિઓ 'પ્રેક્ટીસટીચીંગ'ને સરળ અને સઘન બનાવે તેવી હોવી જરૂરી છે. | SA A TA TD D SD | ૧૩ |
| ૧૪ | પરિવર્તન જીવનનું એક સર્વસામાન્ય લક્ષણ છે, આથી સંસ્થાઓએ શિક્ષણક્ષેત્રે પરિવર્તન ઝીલવાની સતત તૈયારી બતાવવી જોઈએ. | SA A TA TD D SD | ૧૪ |
| ૧૫ | પ્રાધ્યાપકની દૃષ્ટિએ જે યોગ્ય અને શ્રેષ્ઠ છે તે ભણાવવાની તેને પૂરી સ્વતંત્રતા હોવી જોઇએ. | SA A TA TD D SD | ૧૫ |
| ૧૬ | નવવિચારોના અખતરા કરવા કરતાં જૂની પદ્ધતિઓના ફાયદાઓનું કેન્દ્રીકરણ કરવાનો આપણે વધુ પ્રયત્ન કરવો જોઈએ. | SA A TA TD D SD | ૧૬ |
| ૧૭ | કોઈ નવો વિચાર સફળ નહિ થાય એવી ભીતિ લાગે તો પણ દરેક વ્યકિતએ તેનો અખતરો કરવાની તૈયારી દર્શાવવી જોઈએ. | SA A TA TD D SD | ૧૭ |
| ૧૮ | આ પૃથ્વી પર વિવિધ પ્રકારની ફિલસૂફીઓ પ્રવર્તે છે, પણ તેમાંથી સાચી ફિલસૂફી તો એક જ હોય છે. | SA A TA TD D SD | ૧૮ |
| ૧૯ | અભ્યાસક્રમમાં વિષયવસ્તુનો અને મેળવવાના કૌશલ્યનો સમાવેશ થાય છે | SA A TA TD D SD | ૧૯ |
| ૨૦. | પ્રાધ્યાપકના શિક્ષણના વિશિષ્ટ હેતુઓનુ સતત મૂલ્યાંકન કરતા રહેવું ખૂબ જ મહત્ત્વનું છે. | SA A TA TD D SD | ૨૦ |
| ૨૧ | સરળતાથી વધુ શીખાય એવી પદ્ધતિઓને વિદ્યાર્થીઓ અપનાવે તે માટે પ્રાધ્યાપકોએ તેમને પ્રોત્સાહન આપવું જોઈએ | SA A TA TD D SD | ૨૧ |
| ૨૨ | ઘણાખરા નવતરપ્રવાહો તેમની પાછળ ખર્ચેલાં સમય અને શકિત માટે યોગ્ય નથી. | SA A TA TD D SD | ૨૨ |
| ૨૩ | કેટલાક નવાવિચારો વિશે સંપૂર્ણ સંશોધનકાર્ય થયું ન હોય તેમ છતાં આપણી શિક્ષણપ્રથાને સુધારવા માટે તે નવવિચારપરિવર્તનો દાખલ કરવાની જરૂર છે. | SA A TA TD D SD | ૨૩ |
| ૨૪ | આજકાલ કેટલાક વિચારો જે પ્રકાશિત થઈ ચૂકયા છે તે ખરેખર પ્રકાશિત કરવાને જરાપણ લાયક હોતા નથી. | SA A TA TD D SD | ૨૪ |

| Item No. | વિધાનો | ગમે તે એક વિકલ્પ પસંદ કરી તેની આસપાસ વર્તુળ કરો. | Item No. |
|---|---|---|---|
| ૨૫ | શિક્ષણનું સાચું દષ્ટિબિંદુ તો એ છે કે વિદ્યાર્થીઓના અધ્યયનકાર્યની એવી ગોઠવણ કરવામાં આવે કે તેઓ જ્ઞાનભંડાર એકત્રિત કરી તેનો ભવિષ્યમાં સદ્‌પયોગ કરી શકે. | SA A TA TD D SD | ૨૫ |
| ૨૬ | સમાજપરિવર્તનની સાથે સાથે સંસ્થાએ પણ પરિવર્તિત થતા રહેવું જોઈએ. | SA A TA TD D SD | ૨૬ |
| ૨૭ | પ્રચલિત વિદ્યાર્થીવિષયક નૈતિક ધોરણોનો સંપૂર્ણ વિચાર કરી સ્વીકાર કરવો જોઈએ અને તેને ચકાસીને હાલના વિદ્યાર્થીઓની સમસ્યાઓ ઉકેલવામાં તેનો ઉપયોગ કરવો જોઈએ. | SA A TA TD D SD | ૨૭ |
| ૨૮ | આપણે આપણું કામ જે રીતે કરતા આવ્યા છીએ તે જ રીતે કરતા રહેવું જોઈએ. | SA A TA TD D SD | ૨૮ |
| ૨૯ | અસફળ નીવડેલ નવવિચાર સ્વીકારતા પહેલાં આપણે જાણી લેવું જોઈએ કે તે આપણી કારકિર્દીના વિકાસને રુંધતો તો **નથી** ને. | SA A TA TD D SD | ૨૯ |
| ૩૦ | જે દરેક બાબત માટે ઉત્સાહ બતાવે તે વ્યકિતમાં ઊંડાણ અને પરિપકવતાનો અભાવ હોય છે. | SA A TA TD D SD | ૩૦ |
| ૩૧ | વિદ્યાર્થીઓના રસની ખાતર આધુનિક શાળાઓમાં શિસ્તને હોમી દેવામાં આવે છે એ અત્યારની એક મોટી મુશ્કેલી છે. | SA A TA TD D SD | ૩૧ |
| ૩૨ | જે સંસ્થાઓ રસપૂર્વક નવવિચારો અપનાવતી હોય તે સંસ્થાઓનો સંપર્ક સાધવો જોઈએ. | SA A TA TD D SD | ૩૨ |
| ૩૩ | શિક્ષણની પ્રક્રિયા પ્રાયોગિક છે; વિકલ્પો ચકાસી તેમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવાની વિદ્યાર્થીને તાલીમ આપવી જોઈએ. | SA A TA TD D SD | ૩૩ |
| ૩૪ | શિક્ષણક્ષેત્રે હાથ ધરવામાં આવતા નવાવિચારો મોટે ભાગે તુક્કા જ હોય છે. | SA A TA TD D SD | ૩૪ |
| ૩૫ | દરેક વ્યકિતએ શિક્ષણના ક્ષેત્રે નવવિચારો અપનાવવા જોઈએ, ભલે તેના અમલીકરણની પદ્ધતિ આપણને સ્પષ્ટ ન હોય. | SA A TA TD D SD | ૩૫ |
| ૩૬ | આપણા જેવી જ માન્યતાઓ અને વૃત્તિ ધરાવતા હોય એવા મિત્રો પસંદ કરવા એ જ જીવનનો સાચો રાહ છે. | SA A TA TD D SD | ૩૬ |
| ૩૭ | અભ્યાસક્રમમાં આપણો સાંસ્કૃતિક વારસો સમાવી લે એવી રીતે વિષયોને ગોઠવવા જોઈએ. | SA A TA TD D SD | ૩૭ |
| ૩૮ | આજકાલ સારા પ્રાધ્યાપકનું લક્ષણ એ છે કે નવા વિચારોને ઝીલવા તે તૈયાર રહે. | SA A TA TD D SD | ૩૮ |

| Item No. | વિધાનો | ગમે તે એક વિકલ્પ પસંદ કરી તેની આસપાસ વર્તુળ કરો | Item No. |
|---|---|---|---|
| ૩૯ | શિક્ષણ અને શિક્ષણસંસ્થાઓ નૂતન સામાજિક વિચારોનાં ઉદ્દગમ-સ્થાન હોવાં જોઈએ. | SA A TA TD D SD | ૩૯ |
| ૪૦ | નવવિચારોનો પ્રવેશ સંસ્થાને છિન્નવિછિન્ન કરે છે. | SA A TA TD D SD | ૪૦ |
| ૪૧ | પ્રચલિત કાર્યપદ્ધતિઓમાં ફેરફાર કરવામાં કોઈપણ જાતનું વ્યાવસાયિક સાહસ ખેડાય છે એમ લાગતું નથી. | SA A TA TD D SD | ૪૧ |
| ૪૨ | વિરોધીઓ સાથે, સમાધાન કરવું ભય ભરેલું છે, કારણ કે તે પોતાના જ પક્ષના વિશ્વાસઘાતમાં પરિણમે છે. | SA A TA TD D SD | ૪૨ |
| ૪૩ | લાંબા ગાળાના રસને અને ઘણા સમયથી સુદૃઢ થયેલા ધોરણોને અનુલક્ષીને શિસ્તપાલન થવું જોઈએ. | SA A TA TD D SD | ૪૩ |
| ૪૪ | પોતાના શિક્ષણકાર્યનું સતત મૂલ્યાંકન કરતા રહેવું જોઈએ એ ખૂબ જ જરૂરી છે. | SA A TA TD D SD | ૪૪ |
| ૪૫ | પ્રાધ્યાપકોએ વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે શિક્ષણકાર્ય કરવું જોઈએ. | SA A TA TD D SD | ૪૫ |
| ૪૬ | નવવિચારપરિવર્તન અધ્યયનની ગુણવત્તા સુધારે છે એ બાબતનું સમર્થન કરતા પૂરાવા મળી રહે છે. | SA A TA TD D SD | ૪૬ |
| ૪૭ | નવા વિચારો અપનાવવાથી રખેને આપણે આપણા સહકાર્યકર પ્રાધ્યાપકભાઈઓથી વિખૂટા પડી જઈએ તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. | SA A TA TD D SD | ૪૭ |
| ૪૮ | વિરુદ્ધ પક્ષ તરફથી રજૂ થતા વિચારો કરતાં આપણા પક્ષ તરફથી રજૂ થતા વિચારોથી બચવાની આપણને વધારે જરૂર પડે છે. | SA A TA TD D SD | ૪૮ |
| ૪૯ | વિદ્યાર્થીઓના કાર્યનું જે પ્રમાણે નિરીક્ષણ કરવામાં આવે છે અને જે પ્રકારના શિસ્તની તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે તેના કરતાં ઉચ્ચકક્ષાનું નિરીક્ષણ કાર્ય અને શિસ્ત તેમને માટે જરૂરી છે. | SA A TA TD D SD | ૪૯ |
| ૫૦ | આજે પ્રાધ્યાપકોએ નવા વિચારો અને નવી ક્ષિતિજો પ્રત્યે પોતાના સહકાર્યકર શિક્ષકોનું ધ્યાન દોરવું જોઈએ. | SA A TA TD D SD | ૫૦ |
| ૫૧ | અધ્યયન-પ્રવૃત્તિઓ કરવા માટે વિદ્યાર્થીઓને આજસુધી જે સ્વતંત્રતા આપવામાં આવી છે તેના કરતાં વધારે સ્વતંત્રતા આપવી જોઈએ. | SA A TA TD D SD | ૫૧ |
| ૫૨ | અસામાન્ય વિચારો સ્વીકારવામાં ચીવટ રાખવી જરૂરી છે. | SA A TA TD D SD | ૫૨ |
| ૫૩ | શિક્ષણક્ષેત્રે સ્થિર નહીં થયેલા નવા વિચારોને આગળ ધપાવવા જોઈએ | SA A TA TD D SD | ૫૩ |

| Item No. | વિધાનો | યોગ્ય વિકલ્પ પસંદ કરી તેની આસપાસ વર્તુળ કરો | Item No. |
|---|---|---|---|
| ૫૪ | આ દુનિયામાં બે પ્રકારના માણસો દષ્ટિગોચર થાય છે, કેટલાક સત્યના આગ્રહી હોય છે અને કેટલાક તેના વિરોધી હોય છે. | SA A TA TD D SD | ૫૪ |
| ૫૫ | વિવિધ ક્ષેત્રોમાં પોતાનું જ્ઞાન વધારવું એનું જ નામ અધ્યયન. | SA A TA TD D SD | ૫૫ |
| ૫૬ | દરેક પ્રાધ્યાપકે શિક્ષણક્ષેત્રે પાંગરતા નવવિચારપરિવર્તન અંગેના સંશોધન કાર્યથી વાકેફ રહેવું જોઈએ | SA A TA TD D SD | ૫૬ |
| ૫૭ | લોકશાહીમાં પ્રાધ્યાપકોએ વિદ્યાર્થીઓને માત્ર લોકશાહીનો અર્થ જ સમજવામાં નહિ, પરંતુ અન્ય પ્રકારનાં રાજયતંત્રોના અર્થ સમજવામાં મદદ કરવી જોઈએ. | SA A TA TD D SD | ૫૭ |
| ૫૮ | શિક્ષણક્ષેત્રે નવવિચારો પરત્વે પ્રયોગ કરવા માટે કોઈ પણ પ્રકારનું પ્રોત્સાહન મળતું નથી. | SA A TA TD D SD | ૫૮ |
| ૫૯ | પ્રાથમિક તબક્કે અંતરાયો નડે તો પણ નવાવિચારને દઢતાપૂર્વક વળગી રહેવું જોઈએ. | SA A TA TD D SD | ૫૯ |
| ૬૦ | આપણે જે વિચારોનો સામનો કરતા હોઈએ તેના કરતાં જે વિચાર અપનાવતા હોઈએ, તેના વિષે વધુ જ્ઞાન ધરાવીએ છીએ. | SA A TA TD D SD | ૬૦ |

**પ્રશ્નોત્તરી ભરવામાં આપના સહકાર બદલ હાર્દિક આભાર**

જય મુદ્રા. ૪, લક્ષ્મી એસ્ટેટ, બહુચરાજી રોડ, વડોદરા.